### આણંદ મહાનગરપાલિકા દ્વારા તળાવોના બ્યુટિફિકેશનની કામગીરી હાથ ધરતા પહેલા વરસાદી પાણીના નિકાલ અંગે આયોજન કરાશે

# આણંદ મનપા દ્વારા 5 તળાવ ખાલી કરી ઉંડા કરાશે

**તળાવો** ઉંડા કરવા ઉપરાંત વરસાદી પાણીના નિકાલ માટે નડતર રૂપ દબાણ અને સફાઇ કરવામાં આવશે

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાના ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં કમિશનર મિલિન્દ બાપના દ્વારા ગુરૂવારના રોજ શહેરના 5 તળાવની મુલાકાત લેવામાં આવી હતી. આ પાંચેય તળાવ ખાલી કરી તેમના ઊંડા કરવા ઉપરાંત ઓવરફ્લો સમયે પાણીના નિકાલના કુદરતી રસ્તા પર આવતી અડચણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જોકે, બીજા ફેઝમાં આ પાંચેય તળાવનું બ્યુટિફિકેશન પણ કરવામાં આવશે.

આણંદ મહાનગરપાલિકામાં આવેલા ગોયુ તળાવ (જીટોડીયા), મહુડી તળાવ (આણંદ), ઢેડી તળાવ (આણંદ), મોટુ તળાવ (ગામડી) અને મોગરી ગામમાં મહાદેવ પાસેના તળાવનું મ્યુનિસિપલ કમિશનર મિલિન્દ બાપના દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તળાવ અંગેની વિગતો મેળવવામાં આવી હતી. ખાસ કરીને ચોમાસામાં વરસાદી પાણી ભરાવાના કારણે તળાવો ઓવરફ્લો આસપાસની સોસાયટી વિસ્તારમાં પાણી ઘુસવાની સમસ્યાના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી.





સૂત્રોના જણાવ્યાનુસાર, વરસાદી સિઝન દરમ્યાન વધારે વરસાદના કારણે નેચરલ ગ્રોથથી ઉક્ત તળાવોમાં વરસાદી પાણીથી ભરાઇ છે. જે પાણી તળાવમાંથી ઓવરફ્લો થઇ નિકાલ ન થવાના કારણે માર્ગ પર લાંબા સમય સુધી પાણી ભરાઇ રહે છે. જેથી શહેરીજનોને અવર-જવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને આરોગ્યલક્ષી પ્રશ્નો પણ ભૂતકાળમાં ઉદ્દભવેલ હતા. આ બાબતો મ્યુનિસિપલ કમિશ્નરને ધ્યાને આવતાં તળાવોને ખાલી કરી અને ઉંડા કરવામાં આવે તો આ પ્રશ્નનો કાયમી નિકાલ કરવા સૂચન આપતા ફેઝ-1 અંતર્ગત તળાવોને ખાલી કરી ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ ફેઝ-2 અંતર્ગત તળાવોને બ્યુટીફીકેશન કરવાની કામગીરી કરવામાં આવશે. આમ, પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત ગુરૂવારના રોજ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા સ્થળ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું અને હાલ કાનોડ તળાવ બ્યુટીફીકેશનની કામગીરી પ્રગતિમાં છે, જેનું પણ સ્થળ નિરિક્ષણ કર્યું હતું. વધુમાં વરસાદી સિઝન દરમિયાન જ્યાં જ્યાં વરસાદી પાણીનો ઝડપથી નિકાલ ન થાય તેવી જગ્યાઓનો સર્વે કરી રીચાર્જ વેલ બનવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

# તારાપુર-ખંભાત રોડ ઉપર ત્રિપલ અકસ્માત : એકનું મોત, 11 ઘાયલ

**સ્વિફ્ટ** ગાડી જેસીબી સાથે અથડાયા બાદ ઇક્કો કાર સાથે અકસ્માત સર્જી દીધો

(પ્રતિનિધિ) તારાપુર તા.3

તારાપુરના ખંભાત રોડ પર ઉંટવાડા ગામ નજીક પુરપાટ ઝડપે જતી સ્વીફ્ટ કારના ચાલકની બેદરકારીથી ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ કારનો ચાલક જેસીબીની ઓવરટેક કરવા જતો હતો તે સમયે કાર જેસીબી સાથે અથડાઇ હતી. બાદમાં ઇક્કો કાર સાથે અથડાઇ હતી. આમ આ અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું. જ્યારે 11 જેટલી વ્યક્તિને ઇજા પહોંચી હતી.

ખંભાતમાં રહેતા ઈમરાનભાઇ ઈબ્રાહીમભાઈ મન્સુરી વેપાર કરે છે. તેઓ 2જી એપ્રિલના રોજ ઈદના પર્વ નિમિત્તે ખેડા હોટલમાં જમવા નક્કી કર્યું હતું. ઈમરાનભાઈએ તેમના મિત્રની ઈક્કો કાર લઇ પરિવારજનો, જમાઇ- દિકરી, સસરા ઉપરાંત સાળી અને તેમના પરિવાર સાથે ખંભાતથી ખેડા જવા નિકળ્યાં હતાં. તેઓ નેજા, જીણજ, સાંઠ ચોકડી પસાર કરી ઉંટવાડા ગામ પસાર કરી તારાપુર તરફ આવી રહ્યા હતાં તે સમયે તારાપુર તરફથી જેસીબી આવી રહ્યું હતું. તેની પાછળથી અચાનક સફેદ સ્વિફટ ગાડી ઓવરટેક કરવા જતા તે જેસીબી સાથે અથડાઇ હતી. બાદમાં સીધી ઈમરાનભાઈની ઈક્કો કાર સાથે ધડાકાભેર અથડાઇ હતી. બાદમાં ફરી જેસીબીના આગળના ભાગે કાર અથડાઇ રોડની વચ્ચે ઉભી રહી ગઈ હતી. આ અકસ્માતમાં ઈમરાનભાઈની કાર ફંગોળાઈને રોડની બાજુમાં પડી હતી. જેના કારણે તેમાં સવાર વ્યક્તિને ઈજા પહોંચી હતી. જ્યારે સ્વિફ્ટ કારમાં સવાર મહિલા અને પુરૂષને પણ ગંભીર ઈજા પોહંચી હતી. આ અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને 108ની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જોકે, સ્વિફ્ટ ગાડી નં.જીજે 23 સીજી 8016ના ચાલકનું મૃત્યું નિપજ્યું હતું. આ અકસ્માતમાં અન્ય 11 વ્યક્તિને નાની - મોટી ઈજા પહોંચી હતી. આ અંગે તારાપુર પોલીસે સ્વિફ્ટ કારના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

## ખંભોળજ ચહેર માતાજીના મંદિરે આઠમનો હવન યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.3

ખંભોળજ સ્થિત ચહેર માતાજીના મંદિરે ચૈત્રી આઠમ નિમિત્તે શનિવારે હવન યોજાશે. જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટશે. આ અંગે દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ખંભોળજના સુપ્રસિદ્ધ ચેહર માતાજીના મંદિરે ચૈત્રી આઠમ નિમિત્તે 5મીને શનિવારના રોજ સાંજના 5 કલાકે હવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર ચૈત્રી આઠમના હવન દર્શનનો સર્વે માઈભક્તોને લાભ લેવા ભુવાજી નાગજીભાઈ રબારી અને ભુવાજી જય રબારીએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## આણંદ મહાનગરપાલિકા દ્વારા મારૂતિ સંકલ્પ કોમ્પ્લેક્સ સીલ કરાઇ







આણંદ મહાનગરપાલિકા દ્વારા ફાયર સેફ્ટિ મામલે સઘન કામગીરી હાથ ધરી છે. જે સંદર્ભે ફાયર બ્રિગેડનો સ્ટાફ ગુરૂવારની મોડી સાંજે આણંદ - વિદ્યાનગર રોડ પર આવેલા મારૂતિ સંકલ્પ કોમ્પ્લેક્સ પર પહોંચ્યાં હતાં. જ્યાં ફાયર એનઓસી ન હોવાનું જાણવા મળ્યું હતું. આથી, તાત્કાલિક અસરથી સમગ્ર કોમ્પ્લેક્સ સીલ મારી દેવામાં આવ્યું હતું. આ કોમ્પ્લેક્સમાં 10 જેટલી દુકાન ઉપરાંત બીજા માળે ઓફિસ આવેલી છે. આ કાર્યવાહીથી અન્ય કોમ્પ્લેક્સના સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

# ઓડમાં એસટી બસ ચાલક પર હુમલામાં ધરપકડ ન થતાં રોષ

**ક્ષત્રિય ઠાકોર** સેના દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદના ઓડ ગામમાં એસટી બસ ચાલક પર હુમલો કરવાના બનાવમાં પોલીસ આરોપી સુધી પહોંચી ન શકતાં રોષ ફેલાયો છે. આ અંગે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી.

ઓડ ગામમાં 28મી માર્ચના રોજ રસ્તા આડે પડેલા બાઈકને હટાવવાનું કહેતા માથાભારે શખ્સે એસટી બસ ચાલક ભાનુભાઈ ઠાકોરને મારમાર્યો હતો. આ અંગે ખંભોળજ પોલીસે ગુનો પણ નોંધ્યો હતો. પરંતુ હુમલાખોરોની ધપકડ કરવામાં આવી નથી. જેથી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કલેક્ટરમાં આવેદનપત્ર આપી, એસટી બસ ચાલક પર હુમલો કરનારાને તાત્કાલિક પકડી પાડવા માગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત દોષિતોને સખતમાં સખત સજા થાય તેવી રજુઆત કરવામાં આવી હતી.



# વીરપુરના રસુલપુરમાં દીપડાની હાજરીના નિશાન મળતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો

**વન** વિભાગ દ્વારા ચેતવણીના બોર્ડ લગાવવામાં આવ્યાં

(પ્રતિનિધિ) વીરપુર તા.3

મહિસાગર જીલ્લાના વીરપુર તાલુકાના રસુલપુર ગામ પાસેના જમઝર માતાના પવિત્ર ડુંગર પર દીપડાના દેખાવ વધતા તંત્રએ ચેતવણીના ભાગરૂપે પગલાં ભર્યા છે. તાજેતરમાં અહીં વિવિધ જગ્યાઓએ દીપડાના આંટાફેરાના પુરાવા મળ્યા હતા, જેના કારણે સ્થાનિક તંત્ર અને વનવિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને ચેતવણીના બોર્ડ લગાવવામાં આવ્યા છે.



વીરપુરના રસુલપુર ગામ ખાતે જમઝર માતાનું સ્થળ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ માટે મહત્વપૂર્ણ તીર્થસ્થાન છે. દર વર્ષે હજારો ભક્તો માતાજીના દર્શન માટે અહીં આવે છે. પરંતુ છેલ્લા થોડા દિવસો અગાઉ દીપડાએ એક પશુનું મારણ કર્યું હતું. દિપડાના પગના નિશાન અને જંગલમા મુકેલા સીસીટીવી ફૂટેજમાં તેની હાજરીના પુરાવા મળતા લોકોમાં એક પ્રકારની ચિંતા જોવા મળી હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, વન વિભાગ એક્શન મોડમાં આવ્યું હતુ અને ચેતવણીના બોર્ડ લગાવ્યા હતાં. આ બોર્ડ લગાવવાનું મુખ્ય ઉદ્દેશ્ય યાત્રાળુઓ અને સ્થાનિક લોકોને જાગૃત કરવાનો છે. બોર્ડમાં સ્પષ્ટ રૂપે જણાવવામાં આવ્યું છે કે, ડુંગર પર દીપડા ફરી રહ્યા હોય ત્યારે એકલાં ન જવું, અને અંધારામાં પ્રવાસ ન કરવો. વન વિભાગે ખાસ કરીને રાત્રિ દરમિયાન અહીં અવરજવર ટાળવાની સલાહ આપી છે. જમઝર માતાના ડુંગર પર ચેતવણીના બોર્ડ લગાવ્યા બાદ સ્થાનિક લોકો અને યાત્રાળુઓએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે.

# ચકલાસીમાં થ્રી ફેઝ લાઈનનો જીવંત વાયર તૂટીને ખેતરમાં પડ્યો

**ચાર** દિવસથી રજુઆત કરવા છતાં કોઈ ફરકતુ નથી..!!

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

ચકલાસીના રામપુરામાં સુરાશામળ ફીડરનું થ્રી ફેઝ લાઈન કનુભાઈ મંગળભાઈ વાઘેલાના ખેતર પાસેથી પસાર થાય છે. આ લાઈનનો વીજ વાયર છેલ્લા ચારેક દિવસથી તૂટીને પડ્યો છે. આ વીજ વાયર જીવંત છે, જેથી ખેતર માલિક અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ મામલે ત્વરીત વીજ વિભાગને જાણ કરાઈ હતી. જો કે, બે દિવસ સુધી વીજ વિભાગના કર્મચારીઓ અત્રે ફરક્યા ન હતા. જેથી સમગ્ર બાબતે સ્થાનિકો છેલ્લા બે દિવસથી રૂબરૂ મૌખિક રજૂઆતો કરી વીજ વિભાગના અધિકારીઓને ગંભીરતા જણાવી રહ્યા છે. તેમ છતાં ચાર દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી વીજ વિભાગના કોઈ અધિકારી કે કર્મચારીઓ અહીંયા પહોંચ્યા નથી. જેના કારણે સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. તો આ જીવંત વીજ વાયર જે ખેતરમાં પડ્યો છે, તેની આસપાસ રહેણાંક વિસ્તાર આવેલો છે. જેથી કોઈ પણ જાનહાનિ થાય તેની સંપૂર્ણ જવાબદારી વીજ વિભાગની રહેશે, તેવો આક્રોશ સ્થાનિકોએ વ્યક્ત કર્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વડદલા પ્રાથમિક શાળાના નિવૃત્ત થતા બે શિક્ષકોનો વિદાય સન્માન સમારોહ યોજાયો



**આણંદ** | પે સેન્ટર શાળા, વડદલા, તા.પેટલાદના વયનિવૃત્ત થતા ભાસ્કરભાઈ વી પટેલ અને મગનભાઈ બી ઠાકોરનો સંયુક્ત વિદાય સન્માન સમારોહ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર કણિયા-વડદલા મુકામે યોજાયો હતો. નિવૃત્ત થતા બન્ને શિક્ષકોની શૈક્ષણીક કારકિર્દીને બિરદાવી સન્માન કરાયું હતું. ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક અને બોરસદ ધારાસભ્ય રમણભાઈ સોલંકી, રાજ્ય શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, પેટલાદ ધારાસભ્ય કમલેશભાઈ પટેલ , આણંદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકી ,જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ વિક્રમસિંહ ગરાસિયા , જીલ્લા - તાલુકા શિક્ષક સંઘ પરિવાર, સ્નેહીજનોની ઉપસ્થિતિ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં વિસા ખડાયતા પ્રથમ એકડા પંચ વડીલોનું વિશ્રામ મંડળનો વાર્ષિકોત્સવ ઉજવાયો



**નડિયાદ** | વિસા ખડાયતા પ્રથમ એકડા પંચ વડીલોના વિશ્રામ મંડળનો વર્ષ 2024-25નો વાર્ષિકોત્સવ સામાન્ય સભા સહિત ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાનપદે શાંતિલાલ મોતીલાલ શાહ (મહોરેલવાળા) જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી પંકજભાઇ ઓ. શાહ જયારે અતિથિ વિશેષપદે દિનેશભાઇ પરસોતમભાઇ શાહ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આગામી બે વર્ષ 2025-27 માટે નવી કારોબારીની રચનાની ચૂંટણી અધિકારી મહેન્દ્રભાઇ સી. શાહે જાહેરાત કરી હતી. જેમાં સતત બીજા વર્ષે પ્રમુખ તરીકે ગોવિંદભાઇ શાહ, મંત્રી તરીકે સંજયભાઇ શાહ સહિત સમગ્ર કારોબારીની બિનહરીફ વરણી કરાઈ હતી.

### ખેડા તાલુકાના રઢુની નુતન વિદ્યાલયના 10 વિદ્યાર્થીને રાજ્ય પુરસ્કાર એવોર્ડ મળ્યો



**ખેડા** | ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ રાજ્ય સંઘ દ્વારા વર્ષ 2024-25 માટે રાજ્ય પુરસ્કાર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વપૂર્ણ પરીક્ષામાં નુતન વિદ્યાલય,રઢુ શાળાના 6 સ્કાઉટ ભાઈઓ અને 4 ગાઈડ બહેનો એમ કુલ 10 વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. તેઓને રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. શાળા પરિવાર અને સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેઓએ દેખાડેલા સમર્પણ, મહેનત અને આત્મવિશ્વાસ માટે શાળા પરિવારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### બોરસદના કઠોલ ગામના નિવૃત્ત આર્મી જવાનનુ પાદરે વતનમાં ભવ્ય સ્વાગત



**બોરસદ** | બોરસદ તાલુકાના કઠોલ ગામના સતીશકુમાર દેવીસિંહ ગોહિલ છેલ્લા 22 વર્ષથી ભારતીય સેનામાં ફરજ નિષ્ઠ હતા. દેશભરમાં વિવિધ સ્થળોએ પોતાની ફરજના ભાગરૂપે સુરક્ષાકર્મી તરીકે સેવા આપી છે. તેઓ હાલમાં જ નિવૃત્ત થતા ભારતીય સેનામાંથી વતનમાં પરત આવ્યા છે. માદરે વતન કઠોલ ગામમાં નિવૃત્ત બાદ પરત આવતા ગ્રામજનોએ ખુબ જ ગૌરવ સાથે ભવ્ય સ્વાગત સન્માન કર્યું હતું. કઠોલ ગામના આગેવાનોએ ભારતીય સેનામાં બજાવેલ ફરજ બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવી ગામના પાદરમાં જ ભવ્ય સામૈયું કર્યું હતું. આર્મી જવાનના પરિવારજનોએ ભારતીય પરંપરા મુજબ તિલક કરી આદરથી આવકાર આપીને ગૌરવ અનુભવ્યું હતું.

### મહેમદાવાદ તાલુકાના માધવપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



**મહેમદાવાદ** | મહેમદાવાદ તાલુકાના માધવપુરા પ્રાથમિક શાળા ધોરણ 8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.વિદાય સમારંભમા વિદ્યાર્થીઓએ અગાઉના દિવસોમા શાળાના અનુભવોને યાદ કરીને જુના સ્મરણો યાદ કર્યા હતા. શાળાના શિક્ષકોએ વિદાય થઈ રહેલા વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. શિક્ષકો દ્વારા આ પ્રસંગે આશિર્વચનની સાથે તેમનુ ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે શુભેચ્છાઓ આપી હતી. વિદાયના અંતે તમામ બાળકોને ભોજન કરાવ્યું હતું.

### વીરપુર તાલુકા તલાટી કમ મંત્રી મંડળની બીન હરીફ ચુંટણી યોજાઇ



**વીરપુર** | વીરપુર તાલુકા તલાટી કમ મંત્રી મંડળના નવા હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી છે. મંડળના પ્રમુખ તરીકે નરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે રજનીભાઈ પટેલ, અને મહામંત્રી તરીકે અનિલકુમાર પટેલની બીનહરીફ નિમણૂંક કરવામાં આવી છે. આ નવી ટીમ આગામી કાર્યકાળ દરમિયાન તલાટીઓના હિતોનું રક્ષણ, પ્રશાસન સાથે સંકલન, તેમજ વિવિધ વિકાસકામોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નરેશભાઈ પટેલની સક્રિય ભૂમિકા અને તેમના નેતૃત્વ કૌશલ્યને ધ્યાનમાં રાખીને તેમને સતત 2015થી પ્રમુખ પદેથી નિમવામાં આવ્યા છે. ઉપપ્રમુખ તરીકે રજનીભાઈ પટેલને જવાબદારી આપવામાં આવી છે. તાલુકાના તલાટી કમ મંત્રીઓ અને અન્ય સરકારી અધિકારીઓએ નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ખંભાતની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એનસીસી કેડેટનો સન્માન કાર્યક્રમ યોજાયો



**ખંભાત** | ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત આર. પી. આર્ટ્સ, કે. બી. કોમર્સ એન્ડ બી. સી. જે. સાયન્સ કોલેજ ખંભાતના એનસીસી કેડેટ્સનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખંભાત ડોક્ટર હાઉસ પાર્થ હોસ્પિટલના ડોક્ટર રમણભાઈ પટેલે મુખ્ય અતિથિ વિશેષની ભૂમિકા નિભાવી હતી. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના સેક્રેટરી ડો. બંકિમચંદ્ર વ્યાસ તેમજ ટ્રસ્ટીગણના સભ્ય સુધીરભાઈ ઠાકોર અને ઇન્ડિયન ઓવરસીઝ બેંક ખંભાતમાંથી ઘનશ્યામભાઈ મિસ્ત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આચાર્ય ડો. વશિષ્ઠધર દ્વિવેદીએ પોતાની વિદ્યાર્થી અવસ્થા દરમિયાનની NCC સફર અને પોતાના જીવનમાં NCC નું મહત્વ સમજાવ્યું હતું.